# શ્રીગુરુની શિખામણોની ગહનતા

# શ્રીગુરુગીતાનો ઉપહાર

## ડાએન મેકઇન્ટાયર દ્વારા લિખિત

એ સમયની વાત છે, જ્યારે મેં સિદ્ધયોગ પથના અભ્યાસો કરવાની શરૂઆત કરી હતી અને સન ૧૯૮૬ની ગ્રીષ્મઋતુમાં હું પહેલીવાર શ્રી મુક્તાનંદ આશ્રમમાં રાત્રે રોકાવાની હતી. હું જે ડૉર્મિટરીમાં સૂતી હતી, ત્યાં વહેલી સવારે મેં મારા રૂમમાં રહેનારાઓના ઊઠવાનો અને જવાની તૈયારી કરવાનો ધીમો-ધીમો અવાજ સાંભળ્યો. પછી, અવાજ બંધ થઈ ગયો અને હું શાંતિથી સૂઈ ગઈ.

અચાનક મેં ગુરુમાઈજીનો અવાજ સાંભળ્યો જેઓ દૃઢતાથી સીધા મારી સાથે વાત કરી રહ્યાં હતાં. મારી સ્વપ્ન જેવી અર્ધજાગ્રત અવસ્થામાં, મેં જોયું કે ગુરુમાઈજી મારા પલંગ પાસે ઊભાં છે. તેમની આજુબાજુ પાંચ યુવતીઓ ઊભી હતી, જેમણે સુંદર વસ્ત્રો પહેર્યાં હતાં. ગુરુમાઈજીએ કહ્યું, “ડાએન, ઊઠ અને ગુરુગીતામાં જા.” આ સપના જેવું બિલકુલ નહોતું, એકદમ જીવંત અને વાસ્તવિક હતું. હું જાગી ગઈ અને તૈયાર થઈને તરત જ શક્તિમંડપમાં ગઈ જ્યાં શ્રીગુરુગીતાનો પાઠ થવાનો હતો. હું ત્યાં બેઠી અને પાઠ કરવા માટે તૈયાર થઈ ગઈ. થોડીવારમાં જ ગુરુમાઈજીએ હૉલમાં પ્રવેશ કર્યો અને તેમની સાથે એ જ યુવતીઓ દેખાઈ જેમને મેં મારા સપનામાં જોઈ હતી. હું આગળથી થોડે દૂર હૉલની વચ્ચે બેઠી હતી. શ્રીગુરુમાઈએ આસન ગ્રહણ કર્યું અને પછી ફરીને મારી તરફ નજર કરી, જાણે કે એ સપનું હજી ચાલી રહ્યું હોય. મને મહસૂસ થયું કે તેમની નજર મને કહી રહી છે, “સારું થયું, તું આવી ગઈ.”

એ સવાર પછી, મેં શ્રીગુરુગીતાના પાઠને એક મુખ્ય સિદ્ધયોગ અભ્યાસ તરીકે અપનાવી લીધો. પાઠના અક્ષરોનું ઉચ્ચારણ મારા માટે અઘરું હોવાના કારણે હું દરરોજ ગુરુમાઈજીની ઓડિયો કે વિડીયો ટેપ સાથે એક શ્લોકને વારંવાર ગાવાનો અભ્યાસ કરતી હતી. હું શ્લોકના અક્ષરોને ત્યાંસુધી બોલતી રહેતી જ્યાંસુધી મને તેનું ઉચ્ચારણ કરવામાં આત્મવિશ્વાસ ન આવતો. શ્રીગુરુગીતાના સંપૂર્ણ પાઠના ઉચ્ચારણનું અધ્યયન કરવાની પ્રક્રિયામાં મને લગભગ એક વર્ષ લાગ્યું.

ત્યારથી, એટલે કે વીસ વર્ષો કરતાં પણ વધારે સમયથી, હું મારા જીવનના પ્રત્યેક દિવસે શ્રીગુરુગીતાના પાઠનો અભ્યાસ કરું છું, ભાગ્યે જ એવું બન્યું હશે કે મેં પાઠ ન કર્યો હોય. દરરોજ પાઠ પૂરો કર્યા પછી મને મહસૂસ થાય છે કે હું અંતરમાં કેન્દ્રિત છું અને વર્તમાન ક્ષણમાં પૂર્ણપણે ઉપસ્થિત છું. મારા અંતરાત્માની જ્યોત પ્રજ્વલિત થઈ ગઈ છે, તે તેજસ્વિતાથી ચમકી રહી છે અને આખો દિવસ મારું માર્ગદર્શન કરી રહી છે. જે દિવસે મારે નૃત્યના

ક્લાસમાં શીખવવાનું હોય અથવા પૂર્વાભ્યાસ કરાવવાનો હોય અથવા તો કોઈ નૃત્ય-પ્રસ્તુતિની તૈયારી કરવાની હોય ત્યારે હું શ્રીગુરુગીતાનો પાઠ કરવાનો વિશેષ પ્રયત્ન કરું છું, ભલે એ વખતે મારી દિનચર્યામાં તેના માટે સમય કાઢવો મુશ્કેલ હોય.

ઉદાહરણ તરીકે, કેટલીકવાર મારે વિમાનયાત્રા માટે સવારે ૩ વાગ્યે ઘરેથી નીકળવું પડે છે. વિમાન ઉડાન ભરી લે પછી હું મારા પર્સમાંથી શ્રીગુરુગીતાનું નાનું પુસ્તક કાઢું છું (હું મારા પર્સમાં શ્રીગુરુગીતાનું એક નાનું પુસ્તક હંમેશાં રાખું છું) અને તેનો પાઠ કરું છું. હું ધીમા અવાજે અથવા મૌનરૂપે શ્રીગુરુગીતાનો પાઠ કરું છું, જેનો આધાર એ વાત પર રહેલો છે કે મારી આસપાસ કેટલાં લોકો છે, તેઓ મારી સીટની કેટલાં નજીક બેઠાં છે અને વિમાનના એંજિનનો અવાજ કેટલો છે. ત્યારબાદ હું મારી આંખો બંધ કરીને પાઠનાં સ્પંદનોને આત્મસાત્ કરું છું. જ્યાંસુધીમાં વિમાન પાછું જમીન પર ઊતરે છે, હું વિમાનની બહાર નીકળવા તૈયાર હોઉં છું; એ સમયે હું મારી અંદર સ્પષ્ટતા, ખુલ્લાપણું અને સ્થિરતા તેમજ મારું કામ કરવા માટે તત્પરતા મહસૂસ કરું છું.

કેટલીકવાર ફ્લાઈટમાં લોકો મને પૂછે છે કે આટલી એકાગ્રતાથી હું કયું પુસ્તક વાંચી રહી છું. હું તેમની સાથે સિદ્ધયોગ પથ વિશે વાત કરું છું. આ રીતે હું તેમની સાથે શ્રીગુરુની શિખામણોના ઉપહાર વિશે અને શ્રીગુરુગીતાના પાઠ દ્વારા પ્રાપ્ત થતી કૃપાના અનુભવો વિશે જણાવી શકું છું.

વારંવાર મુસાફરી કરવાની જીવનશૈલીને કારણે, હું ઘણી અલગ-અલગ પરિસ્થિતિઓમાં શ્રીગુરુગીતાનો પાઠ કરું છું. જ્યારે હું ઘરમાં એકલી હોઉં છું અથવા મુસાફરી કરી રહી હોઉં છું ત્યારે હું સંગીત વગર શ્રીગુરુગીતાનો પાઠ કરું છું. આનાથી મને દરેક અક્ષરનાં ઉતાર-ચડાવ, તાલ, સ્વરૂપ અને ધ્વનિ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો અવસર મળે છે, જે મારા મનને સ્થિર અને શાંત રાખવામાં સહાય કરે છે. સ્થાનિક સિદ્ધયોગ ધ્યાન કેન્દ્રમાં અમે સમૂહમાં પાઠ કરીએ છીએ, જેમાં શ્લોકની એક પંક્તિ સાંભળીએ છીએ અને બીજી પંક્તિ ગાઈએ છીએ. જ્યારે હું શ્લોકની પંક્તિને નથી ગાતી ત્યારે એ પંક્તિના શબ્દોના અંગ્રેજી ભાષાંતર પર ધ્યાન કેન્દ્રિત કરું છું અને એના અર્થમાં લીન થઈ જાઉં છું.

ઘણીવાર, જ્યારે મને શ્રીગુરુમાઈ અને સિદ્ધયોગીઓના સંઘમ્ સાથે શ્રીગુરુગીતાનો પાઠ કરવાનો સુઅવસર મળે છે, ત્યારે એ શબ્દોના અર્થ સીધા મારા હૃદયમાં ઊતરી જાય છે. હું શ્રીગુરુના સાન્નિધ્યમાં શ્રીગુરુ વિશે સ્તુતિગાન કરી રહી હોઉં છું. શ્રીગુરુની અવસ્થા શું છે અને શ્રીગુરુ સાધકોને ક્યાં લઈ જાય છે, તેના વિશે શ્રીગુરુગીતામાં જે સમજાવવામાં આવ્યું છે એ બધું એ જ સમયે ઘટિત થઈ રહ્યું હોય છે.

આવો જ એક સુઅવસર સન ૨૦૧૩માં આવ્યો હતો, જ્યારે સિદ્ધયોગ પથ વેબસાઇટ પર ગુરુમાઈજી સાથે સીધા ઑડિયો પ્રસારણ દ્વારા શ્રીગુરુગીતાના પાઠના સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. મેં મારી માતા સાથે દિવાનખંડમાં આ પ્રસારણ જોવાની વ્યવસ્થા કરી હતી. એ સમયે મારી માતાની ઉંમર છન્નું વર્ષની હતી. જ્યારે શ્લોકનું પઠન શરૂ થયું અને ગુરુમાઈજીનો અવાજ અમારા રૂમમાં ગુંજી ઊઠ્યો ત્યારે મારી માતાએ પોતાની આંખો બંધ કરી લીધી અને તે પ્રશાંતિની ઊંડી અવસ્થામાં જતી રહી. પાઠના સમાપન પર, જ્યારે તેણે પોતાની આંખો

ખોલી ત્યારે તે નવીન ઊર્જા અને આનંદથી પરિપૂર્ણ દેખાઈ રહી હતી. મારા માટે એ ખૂબ જ હૃદયસ્પર્શી હતું કે એ દિવસે શ્રીગુરુગીતાની કૃપાથી મારી માતાને શ્રીગુરુના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા.

ઘણાં વર્ષોથી શ્રીગુરુગીતાના અગણિત પાઠ કરવાને લીધે, હું મારાં શ્રીગુરુ સાથે એક નિરંતર અને ગહન જોડાણનો અનુભવ કરું છું. હું ગુરુમાઈજી પ્રત્યે સદૈવ કૃતજ્ઞ રહીશ કે તેમણે મને ગ્રીષ્મઋતુની એ મંગલમય સવારે જગાડી અને "શ્રીગુરુગીતા" રૂપી ઉપહાર પ્રદાન કર્યો.

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.